ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

# NCF (2005) અંતર્ગત ધોરણ–૬ થી ૮ ના હિન્દી વિષયના કાવ્યશિક્ષણમાંથી નિષ્પન્ન થતાં નૈતિક મૂલ્યોનો અભ્યાસ

**કોમલ સચદે**

સંશોધક

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

**સારાંશ :**


વિશ્વનું મહાન સાહિત્ય ભગવદ્દગીતાથી માંડીને સોક્રેટિસ કે હેમ્લેટ સુધી મૂલ્યોની પસંદગી અને મૂલ્યો વચ્ચેના સંઘર્ષ પર આધારિત છે. સર્જનાત્મક માણસ બનવા માટે મૂલ્ય આધારિત પસંદગી એ પૂર્વશરત છે. શિક્ષણનો માનવીય ચહેરો રજૂ કરવા માટે કેળવણીએ મથવાનું છે. દરેક પ્રકારનું શિક્ષણ આત્મલક્ષી અને વ્યક્તિની જાત સાથે સંકળાયેલું હોય જ મૂલ્યનિષ્ઠ કેળવણી એ દરેક પ્રકારના શિક્ષણને સ્પર્શતું વૈશ્વિક પરિબળ છે. અને દરેક પુસ્તક માનવજીવનનું પ્રેરકતત્વ છે. ત્યારે વર્તમાન શિક્ષણના પાઠ્યપુસ્તકોમાં જો મૂલ્યોનો સમાવેશ હશે તો વિદ્યાર્થીઓને જીવનકક્ષાનો ખજાનો આપી શકાય એવા ઉદેશ્ય સાથે પ્રયોજકે પ્રસ્તુત અભ્યાસ હાથ ધરેલ છે.

પ્રસ્તુત અભ્યાસનું સંશોધન ક્ષેત્ર અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક હતું. અભ્યાસનો પ્રકાર વ્યાવહારિક અને ગુણાત્મક પ્રકારનું હતું. પ્રયોજકે વર્ણનાત્મક સંશોધન પધ્ધતિ પસંદ કરી હતી. નિદર્શ તરીકે NCF (2005) ના હિન્દી વિષયના ધોરણ ૬ થી ૮ ના પાઠ્યપુસ્તકોના પદ્યોની સહેતુક નમૂના પસંદગી પ્રવિધિથી પસંદગી કરી હતી. ઉપકરણ તરીકે સ્વરચિત નોંધપત્રકોનો ઉપયોગ કર્યો હતો. જે અંતર્ગત મૂલ્યઘટકો નક્કી કરીને વિષયવસ્તુમાંથી કાવ્યપંક્તિઓ પસંદ કરીને મૂલ્યો તારવવામાં આવ્યા હતા.

પાઠ્યપુસ્તકના કાવ્યશિક્ષણમાંથી પ્રાપ્ય મૂલ્યઘટકો અંતર્ગત વિવિધ નૈતિક મૂલ્યો જાણવા મળ્યા હતા. જે સૂચવે છે કે હિન્દી વિષયના કાવ્યશિક્ષણમાંથી વિવિધ નૈતિક મૂલ્યો સ્વતંત્ર રીતે તરી આવે છે જેને કાવ્યશિક્ષણ આપતી વખતે તેને અધ્યાપનમાં વણી લઈને

વિદ્યાર્થીને મૂલ્યનિષ્ઠ કેળવણી આપવી જોઈએ. મૂલ્યને વણી લેતી વિવિધ શૈક્ષણિક પ્રવૃતિઓ અને વ્યાવહારિક અનુભવો વિદ્યાર્થીઓને આપવા જોઈએ. આ રીતે મૂલ્યશિક્ષણને અધ્યયન પ્રક્રિયામાં સામેલ કરવું જોઈએ. સાંપ્રત શિક્ષણ પ્રક્રિયામાં મૂલ્યયુક્ત જ્ઞાન પીરસવાના હેતુથી કેળવણીના સમગ્ર માળખામાં શક્ય તેટલા મૂલ્યોને સમાવિષ્ટ કરવાના હેતુથી સંશોધનો હાથ ધરવા જોઈએ.

- **પ્રસ્તાવના:**

"જો કોઈ વ્યક્તિ નિષ્ઠાપૂર્વક એની વર્તણૂંકમાં મૂલ્યોને સ્થાન આપે , તો કદાચ એ થોડી માત્રામાં ભૂલ કરી શકે , પરંતુ આમ છતાં એ સત્યના પ્રમાણિત ધોરણ કરતાં બહુ દૂર નહીં હોય."

—કન્ફ્યુશિયસ

મૂલ્યનિષ્ઠ કેળવણી એ શિક્ષણમાં મૂલ્યોને સક્રિયપણે સંક્રાંત કરતી પ્રક્રિયા છે. એક ગૃહિત વ્યાપકપણે પ્રચલિત છે કે મૂલ્યનિષ્ઠ કેળવણી એ દરેક પ્રકારનાં શિક્ષણને સ્પર્શતું વૈશ્વિક પરિબળ છે , ઘરમાં અને શૈક્ષણિક સંસ્થાનોમાં અપાતા શિક્ષણમાં મૂલ્યોનું શિક્ષણ અપાય છે એવી એક માન્યતા છે , પરંતુ પરિસ્થિતિ કંઈક અલગ જ છે. આધુનિક શિક્ષણે આપણી તટસ્થ વિચાર કરવાની ક્ષમતાને અવરોધી નાખી છે અને આ શિક્ષણ આપણી જાતને સમાજના તથા માનવતાના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં કઈ રીતે મૂલવવી એ અંગે કોઈ પ્રકાશ પાડતું નથી.

જો આપણે જીવનમૂલ્યો અંગે જાગૃતિ કેળવી શકીએ તો , નિરક્ષીર વિવેક કેળવવામાં યોગ્ય નિર્ણયો કરવામાં સક્ષમ બની શકીએ. દરેક પુસ્તક માનવજીવનનું પ્રેરકતત્વ છે. ત્યારે વર્તમાન શિક્ષણના પાઠ્યપુસ્તકોમાં જો નૈતિક મૂલ્યોનો સમાવેશ હશે તો વિદ્યાર્થીઓને જીવનકક્ષાનો ખજાનો પ્રાપ્ત થશે. આ ખજાનો શોધવાનું ભગીરથ કાર્ય સૌ શિક્ષણપ્રેમીઓએ કરવું રહ્યું. વર્તમાન પાઠ્યપુસ્તકોમાંથી નિષ્પન્ન થતું નૈતિક મૂલ્યશિક્ષણનો અભ્યાસ કરવાથી ' મૂલ્ય ' શબ્દને ન્યાય આપી શકાશે.

**ચાવીરૂપ શબ્દોની સંકલ્પના :**

**NCF** : National Curriculum Framework રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા- ૨૦૦૫માં બાળકોને શીખવા-શીખવવાની તથા જીવનમૂલ્યોના વિકાસ માટેની બાબતો સમાવિષ્ટ છે. જે અંતર્ગત નવો અભ્યાસક્રમ તૈયાર થયો છે. જે બાળકેન્દ્રી છે.

**ધોરણ-૬ થી ૮** : ઉચ્ચત્તર પ્રાથમિક શિક્ષણમાં સમાવિષ્ટ ધોરણો

**કાવ્યશિક્ષણ** : પદ્યશિક્ષણ. પાઠ્યક્રમમાં સમાવિષ્ટ કવિતા તેમજ દોહાઓનું શિક્ષણ

**નૈતિક મૂલ્યો** : આચરણમાં લાવી શકાય તવા જીવનઉપયોગી નીતિબોધરૂપ મૂલ્યો. જે

સદ્વર્તન કરવા પ્રેરે.

**સંશોધનના હેતુ :**

૧. ધોરણ – ૬ થી ૮ ના હિન્દી વિષયમાં સમાયેલા નૈતિક મૂલ્યોને ઓળખવા.

૨. ધોરણ – ૬ થી ૮ ના હિન્દી વિષયના કાવ્યશિક્ષણમાં નિહિત નૈતિક મૂલ્યોને તારવવા નોંધપત્રકોની રચના કરવી.

3. ધોરણ – ૬ થી ૮ ના હિન્દી વિષયના કાવ્યશિક્ષણમાં નિહિત નૈતિક મૂલ્યોની યાદી બનાવવી.

૪. ધોરણ – ૬ થી ૮ ના હિન્દી વિષયના કાવ્યશિક્ષણમાંથી નીતિબોધરૂપ પંક્તિઓ તારવવી.

૫. ધોરણ – ૬ થી ૮ ના હિન્દી વિષયના કાવ્યોનો વિવિધ જીવનોપયોગી બોધ સંદર્ભે અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો :**

૧. ધોરણ – ૬ થી ૮ ના હિન્દી વિષયના કાવ્યશિક્ષણમાં ક્યા-ક્યા મૂલ્યોનો સમાવેશ થયો છે ?

૨. ધોરણ – ૬ થી ૮ ના હિન્દી વિષયના કાવ્યોમાં નૈતિક મૂલ્યો નિહિત છે ?

3. ધોરણ – ૬ થી ૮ ના હિન્દી વિષયના કાવ્યોમાં જીવનબોધને સ્પર્શતી પંક્તિઓ છે ?

૪. ધોરણ – ૬ થી ૮ ના હિન્દી વિષયના કાવ્યો દ્વારા નૈતિક મૂલ્ય શિક્ષણ આપી શકાય ?

૫. ધોરણ – ૬ થી ૮ ના હિન્દી વિષયના પાઠ્યપુસ્તકોમાંના કાવ્યોમાં જીવનકલાના ઘટકો સમાવિષ્ટ છે ?

**સંશોધનની મર્યાદાઓ :**

૧. પ્રસ્તુત અભ્યાસમાં ધોરણ ૬ થી ૮ ના માત્ર હિન્દી વિષયના જ પાઠ્યપુસ્તકોનો સમાવેશ થયો છે.

૨. પ્રસ્તુત અભ્યાસમાં માત્ર ધોરણ ૬ થી ૮ ના જ પાઠ્યપુસ્તકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

3. પ્રસ્તુત અભ્યાસમાં હિન્દી વિષયના માત્ર કાવ્યોનો જ સમાવેશ કરવામાં આવ્યો છે.

૪. પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત પાઠ્યપુસ્તકોનો જ સમાવેશ કરવામાં આવ્યો છે.

**સંશોધન યોજના :**

**૧) સંશોધનનું ક્ષેત્ર :**

પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક છે. જે અંતર્ગત પાઠ્યપુસ્તક એ અભ્યાસનું ક્ષેત્ર બને છે.

૨) સંશોધનનો પ્રકાર :

પ્રસ્તુત સંશોધનનો પ્રકાર વ્યાવહારિક અને ગુણાત્મક પ્રકારનું હતું .

3) વ્યાપવિશ્વ :

પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત ધોરણ ૬ થી ૮ ના બંને સત્રના હિન્દી વિષયના પાઠ્યપુસ્તકો એ આ અભ્યાસાનું વ્યાપવિશ્વ હતું.

૪) નમૂના પસંદગી :

પ્રસ્તુત સંશોધનમાં પ્રમુખ ઘટકોનું પ્રતિનિધિત્વ ક્યા પુસ્તકો દર્શાવી શકશે તે હેતુથી એટલે કે ' સહેતુક નમૂના પસંદગી પ્રવિધિ ' નો ઉપયોગ થયો છે જેમાં નીચેના એકમોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

| क्रमांक | कक्षा – ६ | कक्षा – ७ | कक्षा – ८ |
|---|---|---|---|
| १ | एक जगत एक लोक | तब याद तुम्हारी आती है | तेरी है जमीं |
| २ | धरती को महकाए | हिन्द देश के निवासी | उठो धरा के अमर सपूतो |
| ३ | इतनी शक्ति हमें देना दाता | दोहा अष्टक | मां ! कह एक कहानी |
| ४ | जय विज्ञान की | बेटी | मत बांटो इन्सान को |
| ५ | | धरती की शान | दोहे |

| | | | |
|---|---|---|---|
| ६ | | | तूफानो की ओर |
| | ( ४ ) | ( ५ ) | ( ६ ) |

નમૂના તરીકે લેવામાં આવેલા બધા જ એકમો પદ્યવિષયક હતા.

**૫) ઉપકરણ :**

પ્રસ્તુત સંશોધનમાં વિષયવસ્તુમાં માહિતી એકત્ર કરવા માટે વિવિધ સ્વરચિત નોંધપત્રકો બનાવીને તેમાં વિવિધ મૂલ્યઘટકો દર્શાવ્યા હતા. દરેક મૂલ્યઘટકને અનુરૂપ એકમો તેમજ કાવ્યની પંક્તિઓ અને તેનો અનુરૂપ સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું હતું.

**૬) સંશોધન પધ્ધતિ :**

અભ્યાસકર્તાએ નીચેની પધ્ધતિઓને આધાર તરીકે લઈ અભ્યાસકાર્ય પાર પાડ્યું હતું .

**૧. વર્ણનાત્મક પધ્ધતિ :**

**૨. વિષયવસ્તુ વિશ્લેષણ પધ્ધતિ :**

વર્ણનાત્મક સંશોધન પધ્ધતિમાં જ વિષયવસ્તુ વિશ્લેષણ પધ્ધતિનો સમાવેશ કરવામાં આવે છે. વર્તમાન સમયમાં અસ્તિત્વમાં હોય તેવા બનાવો માટે , વર્ણન અને અર્થઘટન માટેની સંશોધન પધ્ધતિઓ આ વિભાગમાં આવે છે.

૭) માહિતીનું એકત્રીકરણ :

સારણી – ૧

| ક્રમ | મૂલ્યઘટક | ધોરણ – ૬ પાઠ્યપુસ્તક | ધોરણ – ૭ પાઠ્યપુસ્તક | ધોરણ – ૮ પાઠ્યપુસ્તક |
|---|---|---|---|---|
| ૧ | સમાનતા | | | |
| ૨ | ન્યાય | | | |
| ૩ | આનંદ | | | |
| ૪ | એકતા | | | |
| ૫ | માનવતા | | | |
| ૬ | સમર્પણ | | | |
| ૭ | આત્મવિશ્વાસ | | | |
| ૮ | હકારાત્મક | | | |
| ૯ | પ્રકૃતિપ્રેમ | | | |
| ૧૦ | સંઘભાવના | | | |
| ૧૧ | પરોપકાર | | | |
| ૧૨ | પ્રેમ | | | |
| ૧૩ | વિવેક | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪ | પરમાર્થ | | | |
| ૧૫ | શ્રમગૌરવ | | | |
| ૧૬ | સ્વજાગૃતિ | | | |
| ૧૭ | પ્રભુપ્રેમ | | | |
| ૧૮ | રાષ્ટ્રપ્રેમ | | | |
| ૧૯ | માતૃપ્રેમ | | | |
| ૨૦ | કર્તવ્યનિષ્ઠા | | | |
| ૨૧ | પ્રેરણા | | | |
| ૨૨ | પરિશ્રમ | | | |
| ૨૩ | સ્વમાન | | | |
| ૨૪ | સંતોષ | | | |
| ૨૫ | આત્મબળ | | | |

**સારણી – ૨**

| ક્રમ | કવિતાનું નામ | મૂલ્યઘટકની સંખ્યા | ધોરણ |
|---|---|---|---|
| ૧ | एक जगत एक लोक | ૬ | ૬ |
| ૨ | धरती को महकाए | ૫ | ૬ |
| ૩ | इतनी शक्ति हमें देना दाता | ૮ | ૬ |

| | | | |
|---|---|---|---|
| ४ | जय विज्ञान की | ५ | ६ |
| ५ | तब याद तुम्हारी आती है | ३ | ७ |
| ६ | हिन्द देश के निवासी | ५ | ७ |
| ७ | दोहा अष्टक | ७ | ७ |
| ८ | बेटी | ४ | ७ |
| ९ | धरती की शान | ६ | ७ |
| १० | तेरी है जमी | ५ | ८ |
| ११ | उठो धरा के अमर सपूतो | ४ | ८ |
| १२ | मा कह एक कहानी | ६ | ८ |
| १३ | मत बांटो इन्सान को | ४ | ८ |
| १४ | दोहे | ६ | ८ |
| १५ | तूफानो की ओर | ४ | ८ |
| | કુલ | ૭૮ | |

આમ, પંદર (૧૫) કવિતાઓમાંથી ૭૮ મૂલ્યઘટકો તારવવામાં આવ્યા હતા. જેમાં ધોરણ ૬ ,૭ અને ૮ ના હિન્દી વિષયના કાવ્યો જ સમાવિષ્ટ હતા. શિક્ષણમાંના પાઠ્યપુસ્તકોમાંથી પણ મૂલ્યશિક્ષણ ઉભરતું રહે છે. તેથી મૂલ્યને લગતા વિવિધ પાસાઓ પરની પંક્તિઓનો વિશ્લેષણાત્મક રીતે અભ્યાસ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં કુલ ૬૨ મૂલ્યઘટકો તારવવામાં આવ્યા હતા .

સારણી – 3

| ક્રમ | મૂલ્યઘટક | પાઠ્યપુસ્તક |
|---|---|---|
| ૧ | સમાનતા | ધોરણ – ૬ |
| ૨ | આનંદ | ધોરણ – ૬ |
| ૩ | ઐક્ય | ધોરણ – ૬ |
| ૪ | ન્યાય | ધોરણ – ૬ |
| ૫ | માનવતા | ધોરણ – ૬ |
| ૬ | વિશ્વશાંતિ | ધોરણ – ૬ |
| ૭ | પ્રસન્નતા | ધોરણ – ૬ |
| ૮ | સહનશીલતા | ધોરણ – ૬ |
| ૯ | નિયમિતતા | ધોરણ – ૬ |
| ૧૦ | સમર્પણ | ધોરણ – ૬ |
| ૧૧ | સામાજિકતા | ધોરણ – ૬ |
| ૧૨ | આત્મવિશ્વાસ | ધોરણ – ૬ |
| ૧૩ | હકારાત્મક વલણ | ધોરણ – ૬ |
| ૧૪ | યોગ્ય વલણ | ધોરણ – ૬ |
| ૧૫ | કરુણા | ધોરણ – ૬ |

| | | |
|---|---|---|
| ૧૬ | સામાજિક સૌજન્ય | ધોરણ – ૬ |
| ૧૭ | સારા વિચાર | ધોરણ – ૬ |
| ૧૮ | પ્રભુપ્રેમ | ધોરણ – ૬ |
| ૧૯ | શ્રમગૌરવ | ધોરણ – ૬ |
| ૨૦ | સમયનું મૂલ્ય | ધોરણ – ૬ |
| ૨૧ | નૂતન વસ્તુનો સ્વીકાર | ધોરણ – ૬ |
| ૨૨ | નવી ક્રાંતિ સાથે કૂચ | ધોરણ – ૬ |
| ૨૩ | માનવતાગાન | ધોરણ – ૭ |
| ૨૪ | પ્રકૃતિપ્રેમ | ધોરણ – ૭ |
| ૨૫ | આધ્યાત્મિકતા | ધોરણ – ૭ |
| ૨૬ | રાષ્ટ્રીય એકતા | ધોરણ – ૭ |
| ૨૭ | સંઘભાવના | ધોરણ – ૭ |
| ૨૮ | સમાનતા | ધોરણ – ૭ |
| ૨૯ | પરોપકાર | ધોરણ – ૭ |
| 30 | સદ્‌વ્યવહાર | ધોરણ – ૭ |
| ૩૧ | સત્કાર્ય | ધોરણ – ૭ |
| ૩૨ | પ્રેમ | ધોરણ – ૭ |
| 33 | પરમાર્થ | ધોરણ – ૭ |

ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

| | | |
|---|---|---|
| ૩૪ | વિવેક | ધોરણ – ૭ |
| ૩૫ | માનસિક બળ | ધોરણ – ૭ |
| ૩૬ | આત્મવિશ્વાસ | ધોરણ – ૭ |
| ૩૭ | સ્વાવલંબન | ધોરણ – ૭ |
| ૩૮ | ભાવાભિવ્યક્તિ | ધોરણ – ૭ |
| ૩૯ | માનવ ગૌરવ | ધોરણ – ૭ |
| ૪૦ | અતૂટ મનોબળ | ધોરણ – ૭ |
| ૪૧ | સ્વ-જાગૃતિ | ધોરણ – ૭ |
| ૪૨ | હિંમત | ધોરણ – ૭ |
| ૪૩ | બુધ્ધિમતા | ધોરણ – ૭ |
| ૪૪ | માનવિય શક્તિ | ધોરણ – ૭ |
| ૪૫ | પ્રભુપ્રેમ | ધોરણ – ૮ |
| ૪૬ | રાષ્ટ્રપ્રેમ | ધોરણ – ૮ |
| ૪૭ | રચનાત્મક વિચાર | ધોરણ – ૮ |
| ૪૮ | માતૃપ્રેમ | ધોરણ – ૮ |
| ૪૯ | પ્રકૃતિપ્રેમ | ધોરણ – ૮ |
| ૫૦ | પક્ષીપ્રેમ | ધોરણ – ૮ |
| ૫૧ | ન્યાયપ્રિયતા | ધોરણ – ૮ |

| | | |
|---|---|---|
| ૫૨ | કર્તવ્યનિષ્ઠા | ધોરણ – ૮ |
| ૫૩ | પ્રેરણા | ધોરણ – ૮ |
| ૫૪ | મુશ્કાન | ધોરણ – ૮ |
| ૫૫ | સંતોષ | ધોરણ – ૮ |
| ૫૬ | વિનમ્રતા | ધોરણ – ૮ |
| ૫૭ | સારી સોબત | ધોરણ – ૮ |
| ૫૮ | સ્વમાન | ધોરણ – ૮ |
| ૫૯ | પરિશ્રમ | ધોરણ – ૮ |
| ૬૦ | ગતિશીલતા | ધોરણ – ૮ |
| ૬૧ | સાહસ | ધોરણ – ૮ |
| ૬૨ | આત્મબળ | ધોરણ – ૮ |

**૮) પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન :**

**૮.૧ ધોરણ – ૬ ના કાવ્યોમાં રહેલા મૂલ્યઘટકોનું વિશ્લેષણ અને અર્થઘટન**

**સારણી – ૧**

| ક્રમ | મૂલ્યઘટક | એકમનું નામ | નીતિબોધરૂપ પંક્તિ | પૃ.સં. | ચાવીરૂપ શબ્દો |
|---|---|---|---|---|---|
| ૧ | સમાનતા | एक जगत एक | एक जगत , एक लोक | ६ | संसार , मानव, लोक |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | लोक | सबका है एक मान | | |
| २ | સમાનતા | एक जगत एक लोक | एक तेज एक हवा एक ही पानी | ६ | प्रकाश, हवा , पानी ,एक |
| 3 | આનંદ | एक जगत एक लोक | हर्ष भरे गाए हम राग सुहाने | ७ | आनंदित , सुंदर ,राग, छेडे |
| ४ | ઐક્ય | एक जगत एक लोक | राष्ट्रो में एक्य यही कर्म हमारा | ७ | राष्ट्रो ,एकता |
| ५ | ન્યાય, માનવતા | एक जगत एक लोक | प्रगति, न्याय, मानवता धर्म हमारा | ७ | प्रगति, मानवता |
| ६ | વિશ્વશાંતિ | एक जगत एक लोक | हिलमिल के लहराए विश्वशांति का निशान | ७ | मिल-जुलकर, लहराए |
| ७ | પ્રસન્નતા | धरती को महकाए | बगिया के फूलो को देखो, कैसे खुश-खुश रहते है! | ३२ | फूल ,खुश |
| ८ | સહનશીલતા | धरती को महकाए | आंधी हो , पानी हो चाहे, सबको हंस-हंस सहते है ! | ३२ | सबको ,सहन |
| ९ | નિયમિતતા | धरती को महकाए | सूरज की किरणो को देखो, रोज धरा पर आती है! | ३२ | किरणें ,प्रतिदिन, धरती |
| १० | સમર્પણ | धरती को महकाए | दीपक को देखो हरदम कैसे जलता रहता है! | ३२ | दुनिया , उजाला, |
| ११ | સામાજિકતા | धरती को महकाए | अच्छे-सच्चे काम करें और धरती को महकाए | ३२ | अच्छे, काम |

ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

| | | | | | |
|---|---|---|---|---|---|
| १२ | આત્મવિશ્વાસ | इतनी शक्ति हमें देना दाता | मन का विश्वास कमजोर हो ना ! | १ | मन , विश्वास |
| १३ | હકારાત્મક વલણ | इतनी शक्ति हमें देना दाता | बैर हो ना किसी का किसी से , भावना बदले की हो ना ! | १ | बैर होना |
| १४ | સમર્પણ | इतनी शक्ति हमें देना दाता | हम ये सोचे किया क्या है अर्पण | २ | अर्पण करना |
| १५ | યોગ્ય વલણ | इतनी शक्ति हमें देना दाता | फूल खुशियो के बांटे सभी को , सबका जीवन भी बन जाये मधुबन | २ | खुशियों के फूल |
| १६ | કરુણા | इतनी शक्ति हमें देना दाता | कर दे पावन हर एक मन का कोना | २ | पावन |
| १७ | સામાજિક સૌજન્ય | इतनी शक्ति हमें देना दाता | हम अंधेरे में है रोशनी दे, खो न दे खुद को ही दुश्मनी से | २ | खो न दे, खुद को |
| १८ | સારા વિચાર | इतनी शक्ति हमें देना दाता | हम से पाए अपने कीयें की , मोत भी हो तो सह ले खुशी से | २ | गलत काम, सजा |
| १९ | પ્રભુપ્રેમ | इतनी शक्ति हमें देना दाता | बोझ ममता से तु ये उठा ले, तेरी रचना का ही अंत होना | २ | धरती , बोझ, उठा ले |
| २० | શ્રમગૌરવ | जय विज्ञान की | जय जवान की , जय किसान की , जय हो जय विज्ञान की ! | २४ | जय ,किसान |

| | | | | | |
|---|---|---|---|---|---|
| २१ | સમયનું મૂલ્ય | जय विज्ञान की | बचत समय की और शक्ति की , अब विकास का जादु है ! | २४ | समय , शक्ति , बचत |
| २२ | નૂતન વસ્તુનો સ્વીકાર | जय विज्ञान की | मोबाईल पर बातें करिए पेजर, फेक्स, मुस्कुराते | २४ | मोबाईल, पेजर, फेक्स |
| २३ | નવીક્રાંતિ સાથે કૂચ | जय विज्ञान की | कम्प्युटर की क्रांति आ गई इंटरनेट की परछाई | २५ | कम्प्युटर क्रांति, इंटरनेट |
| २४ | માનવતા ગાન | जय विज्ञान की | फिर करनी शुरुआत सभी को-मानवता की | २५ | नयी शुरुआत, मानवता ,ज्ञान |

**ધોરણ – ૬ ના કાવ્યોમાં નિહિત મૂલ્યઘટકોનું અર્થઘટન :**

હિન્દીના વિવિધ કાવ્યોમાં સમાનતા , આનંદ, રાષ્ટ્રો વચ્ચે એકતા , વૈશ્વિક શાંતિ, પ્રસન્નતા, સહનશીલતા, નિયમિતતા, સમર્પણ, સામાજિકતા, આત્મવિશ્વાસ, હકારાત્મક વલણ, યોગ્ય વલણ , કરુણા, સામાજિક સૌજન્ય , સારા વિચાર , પ્રભુપ્રેમ, શ્રમનું ગૌરવ , સમયનું મૂલ્ય, નૂતન વસ્તુનો સ્વીકાર, નવી ક્રાંતિ સાથે કૂચ તેમજ માનવતા વિષયક મૂલ્યો તારવવામાં આવ્યા છે.

**૮.૨ ધોરણ – ૭ ના કાવ્યોના મૂલ્યઘટકોનું વિશ્લેષણ અને અર્થઘટન :**

**સારણી – ૨**

| क्रम | મૂલ્યઘટક | એકમનું નામ | નીતિબોધરૂપ પંક્તિ | પૃ.સં. | ચાવીરૂપ શબ્દો |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રકૃતિપ્રેમ | तब याद तुम्हारी आती है | जब बहुत सुबह चिड़ियां उठकर, कुछ गीत खुशी के गाती है ! | ४ | चिड़ियां , कलियां, लहरें |
| ૨ | આધ્યાત્મિકતા | तब याद तुम्हारी आती है | हे जग के सिरजनहार प्रभो , तब याद तुम्हारी आती है ! | ५ | जग, सिरजनहार |
| ૩ | પ્રકૃતિપ્રેમ | तब याद तुम्हारी आती है | जब छम-छम बूंदे गिरती है, बिजली चम-चम कर जाती है! | ५ | बूंदे , बिजली |
| ૪ | રાષ્ટ્રીય એકતા | हिन्द देश के निवासी | हिन्द देश के निवासी सभी जन एक है ! | २८ | सभी, जन, एक |
| ૫ | સંઘભાવના | हिन्द देश के निवासी | बेला, गुलाब, जूही, चंपा, चमेली, प्यारे-प्यारे फूल गूंथे माला में एक है ! | २८ | माला ,एक, फूल |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ | સમાનતા | हिन्द देश के निवासी | गा रही तराना बुलबुल राग मगर एक है ! | २८ | राग ,एक |
| ૭ | એકતા | हिन्द देश के निवासी | जाके मिल गई सागर में हुई सब एक है ! | २८ | सागर , एक |
| ૮ | ધાર્મિકતા | हिन्द देश के निवासी | धर्म है अनेक जिनका , सार वही है पंथ है निराले , सबकी मंजिल तो एक है ! | २८ | सार , मंजिल ,एक |
| ૯ | પરોપકાર | दोहा अष्टक | बडा हुआ तो क्या हुआ , जैसे पेड खजूर । | ४३ | पंथी ,छाया ,नही |
| ૧૦ | સાચું જ્ઞાન | दोहा अष्टक | साधु एसा चाहिए, जैसा सूप सुभाय । सार-सार को गहि रहे , थोथा देई उडाय । | ४३ | थोथा, देई, उडाय |
| ૧૧ | સદ્‌વ્યવહાર | दोहा अष्टक | तुलसी इस संसार में , भांति-भांति के लोग सबसे हिल-मिल चालिए, नदी-नाव संजोग। | ४३ | हिल-मिल, चाहिए |
| ૧૨ | સત્કાર્ય | दोहा अष्टक | तुलसी हाय गरीब की , कबहूं न खाली जाय । मुए ढोर के चाम से लोह भस्म हो जाय । | ४३ | हाय, खाली न जाय |
| ૧૩ | પ્રેમ | दोहा अष्टक | रहिमन धागा प्रेम का , मत तोडो चटकाय । टूटे से फिर ना जुडे जुडे | ४४ | प्रेम , धागा |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | ગાંઠ पड जाय । | | |
| १४ | પરમાર્થ | दोहा अष्टक | तरुवर फल नहि खात है , सरवर पियहिं न पानि । कहि रहीम परकाज हित, संपति संचरि सुजनि । | ४४ | परकाज ,हित |
| १५ | વિવેક | दोहा अष्टक | रहिमन देखि बडे को लघु न दीजिए डारि । जहां काम आवे सुई, कहा करे तलवारि। | ४४ | लघु , दिजिए, डारि |
| १६ | માનસિક બળ | बेटी | बेटी हुं में बेटी, में तारा बनुंगी | १ | तारा, बनूंगी |
| १७ | આત્મવિશ્વાસ | बेटी | धरती पर चमकूंगी , मैं उजियारा करुंगी । | १ | उजियारा, करुंगी |
| १८ | સ્વાવલંબન | बेटी | अपने पांव चलकर मैं दूनिया को देखूंगी | १ | अपने, पांव, चल |
| १૯ | ભાવાભિવ્યક્તિ | बेटी | तितली बनूंगी, मैं हवा को चुमूंगी | १ | तितली ,बनुंगी |
| २० | માનવ ગૌરવ | धरती की शान | धरती की शान तू भारत की संतान, तेरी मूठ्ठियो मैं बंद तूफान है, रे मनुष्य तू बडा महान है । | २८ | मनुष्य, बडा, महान |
| २१ | મનુષ્યનું અતૂટ મનોબળ | धरती की शान | तू जो चाहे पर्वत पहाडो को फोड दे तू जो चाहे नदियों के मुख को भी मोड दे | २८ | पहाडो , फोडना, मुख, मोड |
| २२ | સ્વજાગૃતિ | धरती | निज को तू जान जरा शक्ति | २८ | निज ,तू, जान |

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | की शान | पहचान | | |
| २३ | હિંમત | धरती की शान | तू जो अगर हिम्मत से काम ले | २८ | हिंमत |
| २४ | બુધ્ધિમત્તા | धरती की शान | गुरु सा मतिमान , पवन सा तू गतिमान | २८ | गतिमान |
| २५ | અનંત માનવીય શક્તિ | धरती की शान | तेरी नभ से भी उंची उडान है रे । | २८ | उंची उडान |

**ધોરણ – ૭ ના હિન્દી વિષયના કાવ્યોમાં નિહિત મૂલ્યઘટકોનું અર્થઘટન :**

જેમાં પ્રકૃતિપ્રેમ , આધ્યાત્મિકતા, રાષ્ટ્રીય એકતા , સંઘભાવના, સમાનતા, એકતા, વિવિધ ધર્મો પ્રત્યે આદર , પરોપકાર, સાચું જ્ઞાન , સદ્વ્યવહાર, સત્કાર્ય, પ્રેમ, પરમાર્થ, વિવેક, માનસિક બળ, આત્મવિશ્વાસ, સ્વાવલંબન, ભાવાભિવ્યક્તિ, માનવગૌરવ, મનોબળ, સ્વજાગૃતિ, હિંમત, બુધ્ધિમત્તા તેમજ અનંત માનવીય શક્તિ જેવા જીવનોપયોગી મૂલ્યોનો સમાવેશ થયો છે.

**૮.૩ ધોરણ – ૮ ના કાવ્યોના મૂલ્યઘટકોનું વિશ્લેષણ અને અર્થઘટન :**

**સારણી – ૩**

| ક્રમ | મૂલ્યઘટક | એકમનું નામ | નીતિબોધરૂપ પંક્તિ | પૃ.સં. | ચાવીરૂપ શબ્દો |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રભુપ્રેમ | तेरी है जमी | तेरी है जमी , तेरा आसमान तू बडा मेहरबां, तू बख्शीश कर | १ | तेरी , जमीं, तू मेहरबां |
| २ | પ્રભુપ્રેમ | तेरी है जमी | सभी का है तू सभी तेरे । | १ | सभी का तू |
| ૩ | ઈશ્વરને સમર્પિત | तेरी है जमी | तू अपनी नजर हम पर रखना | १ | नजर, हम पर |
| ૪ | પ્રભુ શરણાગતિ | तेरी है जमी | तेरे आगे झूका के सर खडे है आज हम सारे | १ | झूका के सर |
| ૫ | પ્રભુ સર્વોપરી | तेरी है जमी | ओ सबसे बडी ताकतवाले | १ | ताकतवाले |
| ૬ | રાષ્ટ્રપ્રેમ | उठो धरा के अमर सपूतो | उठो धरा के अमर सपूतो, पुन: नया निर्माण करो । | २३ | नया निर्माण |
| ૭ | પ્રકૃતિપ્રેમ | उठो धरा के अमर सपूतो | नयी प्रात: है , नयी किरण है , ज्योति नयी है | २३ | प्रात:किरण |
| ૮ | સ્વયં જાગૃતતા | उठो धरा के अमर सपूतो | नवयुग की नूतन वीणा मैं नया राग | २३ | नया राग, नया गान |

ISSN 2454-8596
www.MyVedant.com
An International Multidisciplinary Research E-Journal

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | नव गान भरो | | |
| ૯ | રચનાત્મક વિચાર | उठो धरा के अमर सपूतो | शत-शत दीपक जला ज्ञान के नवयुग का आहवान करो । | २४ | नव युग, आहवान |
| ૧૦ | માતૃપ્રેમ | मां ! कह एक कहानी | कह मां ! कह लेटी ही लेटी , राजा था या रानी ? | ५० | मां,कहानी |
| ૧૧ | પ્રકૃતિપ્રેમ | मां ! कह एक कहानी | वर्णवर्ण के फूल खिले थे , झलमल कर हिम-बिंदु झिले थे । | ५१ | फूल, हिम |
| ૧૨ | પક્ષીપ્રેમ | मां ! कह एक कहानी | चौंक उन्होंने उसे उठाया नया जन्म-सा उसने पाया | ५१ | नया जन्म |
| ૧૩ | કરુણા | मां ! कह एक कहानी | मांगा उसने आहत पक्षी, तेरे तान किंतु थे रक्षी | ५१ | रक्षी |
| ૧૪ | ન્યાયપ્રિયતા | मां ! कह एक कहानी | हुआ विवाद सदय निर्दय में , उभय आग्रही थे स्वविषय में | ५२ | विवाद, सदय-निर्दय |
| ૧૫ | કર્તવ્યનિષ્ઠા | मां ! कह एक कहानी | रक्षक पर भक्षक को वारे , न्याय दया का दानी | ५२ | न्याय , दया |

| | | | | | |
|---|---|---|---|---|---|
| १६ | એકતા | मत बांटो इन्सान को | मत बांटो इन्सान को । | १६ | मत बांटो |
| १७ | પ્રેરણા | मत बांटो इन्सान को | अभी राह तो शुरु हुई है मंजिल बैठी दूर है । | १६ | राह ,शुरु |
| १८ | પ્રેમ | मत बांटो इन्सान को | पर न प्यार हो तो जग सुना जलता रेगिस्तान है । | १६ | जग ,सूना |
| १९ | નવી મુસ્કાન | मत बांटो इन्सान को | रौय न पाएमा फिर कोई मौसम की मुस्कान को | १७ | मौसम , मुस्कान |
| २० | સંતોષ | दोहे | सांई इतना दीजिए, जामें कुटुम समाय । मैं भी भुखा न रहुं, साधु न भुखा जाय । | २८ | कुटूम ,समाय |
| २१ | વિનમ્રતા | दोहे | बिना विचारे जो करे सो पाछो पछताया काम बिगाडे आपनो, जग में होत हंसाय | २८ | बिना विचारे |
| २२ | સમાનતા | दोहे | कबीरा खडा बाजार मैं , मांगे सबकी खैर , ना काहु से दोस्ती , ना काहु से बैर | २८ | ना काहु से बैर |

| | | | | | |
|---|---|---|---|---|---|
| २३ | સારી સોબત | दोहे | जो रहीम उत्तम प्रकृति, का करि सकत कुसंग । चंदन विष व्यापत नही, लिपटे रहत भुजंग । | २८ | उत्तम ,प्रकृति |
| २४ | સ્વમાન | दोहे | आवत हिय हरषै नही, नैनन नहीं सनेहा तुलसी वहां न जाईए , कंचन बरसे मेघ | २९ | सनेह , कंचन |
| २५ | પરિશ્રમ | दोहे | विद्या धन उधम बिना, कहौ जू पावै कौना बिना डुलाये न मिले ल्यो पंखा को पौन | २९ | विद्या , उध्यम |
| २६ | ગતિશીલતા | तूफानो की ओर | तूफानो की ओर धुमा दो , नाविक निज पतवार | ३३ | नाविक, तूफान |
| २७ | સાહસ | तूफानो की ओर | लहरो के स्वर में कुछ बोलो , इस अंधड में साहस तो लो | ३३ | अंधड , साहस |
| २८ | મનોબળ | तूफानो की ओर | मिट्टी के पुतले मानव ने कभी न मानी हार | ३४ | न मानी हार |

| | | | | | |
|---|---|---|---|---|---|
| २૯ | આત્મબળ | तूफानो की ओर | इसके ही बल पर कर डाले सातो सागर पार | ૩૪ | बल , सागर, पार |

**ધોરણ-૮ ના હિન્દી વિષયના કાવ્યોમાં નિહિત મૂલ્યઘટકોનું અર્થઘટન** :

જેમાં પ્રભુપ્રેમ , પ્રભુને શરણાગતિ , રાષ્ટ્રપ્રેમ, પ્રકૃતિપ્રેમ, સ્વયં જાગૃતતા , રચનાત્મક વિચાર, માતૃપ્રેમ, પક્ષીપ્રેમ, કરુણા, ન્યાયપ્રિયતા, કર્તવ્યનિષ્ઠા, એકતા, પ્રેરણા, પ્રેમ, મુશ્કાન, સંતોષ, વિનમ્રતા, સમાનતા, સારી સોબત , સ્વમાન, પરિશ્રમ, ગતિશીલતા તેમજ સાહસ , મનોબળ અને આત્મબળ જેવા નૈતિક જીવનમૂલ્યોનો સમાવેશ થાય છે.

**તારણો** :

૧. હિન્દી વિષયના કાવ્યશિક્ષણમાં સમાનતા તેમજ આનંદિત રહેવાના ગુણોનું શિક્ષણ આપી શકાય છે.

૨. હિન્દી વિષયના કાવ્યોમાં એકતા , ન્યાયપ્રિયતા, પ્રસન્ન રહેવું તેમજ વૈશ્વિક શાંતિ જેવા નૈતિક મૂલ્યો સમાવિષ્ટ છે.

૩. કાવ્યશિક્ષણ આપતી વખતે સહનશીલતા , નિયમિતતા સમર્પણ , સામાજિકતા અને આત્મવિશ્વાસ જેવા જીવનોપયોગી કૌશલ્યો શીખવી શકાય છે.

૪. કાવ્યના અધ્યયન સમયે વિધ્યાર્થીઓ હકારાત્મક વલણ , કરુણા, સુવિચારો, પ્રભુપ્રેમ તેમજ શ્રમના ગૌરવ જેવા સંસ્કારોનું સિંચન કરી શકાય છે.

૫. અધ્યયનમાં સમયનું મૂલ્ય, નૂતન વસ્તુનો સ્વીકાર, નવી ક્રાંતિ સાથે કૂચ તેમજ માનવતા વિષયક મૂલ્યોનો સમાવેશ થાય છે.

૬. કાવ્યશિક્ષણમાં પ્રકૃતિપ્રેમ , આધ્યાત્મિકતા, રાષ્ટ્રીય એકતા , સંઘભાવના, સમાનતા તેમજ પ્ર ત્યેક ધર્મ પ્રત્યે આદર જેવા મૂલ્યો સમાવિષ્ટ છે.

૭. હિન્દી વિષયના કાવ્યોમાં પરોપકાર , સદ્દવ્યવહાર, સત્કાર્ય, પ્રેમ, પરમાર્થ, વિવેક તેમજ આત્મવિશ્વાસ જેવા મૂલ્યો સમાવિષ્ટ છે.

૮. હિન્દી વિષયના કાવ્યોનું અધ્યયન કરાવતી વખતે સ્વાવલંબન , માનવ ગૌરવ, હિંમત, બુધ્ધિમત્તા, સ્વજાગૃતિ તેમજ મનોબળ જેવા નૈતિક મૂલ્યોનું સિંચન કરી શકાય છે.

૯. હિન્દીના પદ્ય શિક્ષણમાં ઈશ્વરપ્રેમ , રાષ્ટ્રપ્રેમ, પ્રકૃતિપ્રેમ, માતૃપ્રેમ તેમજ પક્ષીપ્રેમ જેવા નીતિબોધરૂપ મૂલ્યો વણાયેલા છે.

૧૦. પદ્યશિક્ષણ કરાવતી વખતે કર્તવ્યનિષ્ઠા , પ્રેરણા, સંતોષ, વિનમ્રતા તેમજ સમાનતા જેવા ગુણો વિશે ચર્ચા કરી શકાય છે.

૧૧. હિન્દીના પાઠ્યપુસ્તકમાં સ્વમાન , પરિશ્રમ, સાહસ, ગતિશીલતા તેમજ મનોબળ તેમજ આત્મબળ જેવા નૈતિક મૂલ્યોનો સમાવેશ થાય છે.

**ફલિતાર્થો :**

૧. હિન્દી વિષયમાં કાવ્યશિક્ષણ આપતી વખતે સમાનતા, એકતા, ન્યાય, શાંતિ, સમર્પણ અને આત્મવિશ્વાસ જેવા મૂલ્યોનું શિક્ષણ આપવું જોઈએ.

૨. પદ્યશિક્ષણ આપતી વખતે

કરુણા, પ્રભુપ્રેમ, આધ્યાત્મિકતા, સંઘભાવના, પ્રેમ, પરમાર્થ, વિવેક, સ્વજાગૃતિ તેમજ સ્વાવલંબન જેવા મૂલ્યો વણી લેવાં જોઈએ.

૩. કાવ્યમાં સમાવિષ્ટ નૈતિક મૂલ્યો જેવા કે પ્રભુપ્રેમ , માતૃપ્રેમ, પક્ષીપ્રેમ, પ્રકૃતિપ્રેમ વિષયક ચર્ચા થવી જોઈએ.

૪. કાવ્યશિક્ષણ આપતી વખતે સંતોષ , વિનમ્રતા, પ્રેરણા તેમજ સમાનતા જેવા મૂલ્યોને સંદર્ભ સાથે સમજાવવા જોઈએ.

૫. કાવ્યશિક્ષણ સમયે સ્વમાન , પરિશ્રમ અને ગતિશીલતા તેમજ મનોબળ જેવા મૂલ્યોનું સિંચન થવું જોઈએ.

## સંદર્ભસૂચિ :

આચાર્ય, મો. એ. (૨૦૦૯). **શિક્ષણમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર.** અમદાવાદ : અક્ષર પબ્લિકેશન.

ઉચાટ, ડી. એ. (૨૦૦૯). **શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર.**

રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

ઠાકર, ડી. (૨૦૦૯). **શિક્ષણ : ચિંતા અને ચિંતન.** અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન.

ભટ્ટ, એન. ( ૧૯૪૬ ). **કેળવણીની પગદંડી.** અમદાવાદ : સંસ્કાર સાહિત્ય મંદિર.

પટેલ, આર. એસ. (૧૯૯૩ થી ૨૦૦૬). **એમ. એડ. લઘુ શોધનિબંધના સારાંશ.** અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટી.

ત્રિવેદી, એચ. ( ૨૦૦૧ ) **જીવનલક્ષી શિક્ષણ.** અમદાવાદ : સંસ્કાર સાહિત્ય મંદિર.

શાહ, ડી. (૨૦૦૯). **શૈક્ષણિક સંશોધન.** સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી.

માધડ, આર. ડી. ( ૨૦૧૩ ). **વર્ગ એ જ સ્વર્ગ.** ગાંધીનગર : અભિષેક પ્રકાશન.